પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૮ ૯ મે, ૨૦૧૯, ગુરૂવાર; વૈશાખ સુદ-૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### જેટના કર્મચારીઓનું પ્રદર્શન

જેટ એરવેઝના કર્મચારીઓએ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શાંતિપૂર્ણ પ્રદર્શન કર્યું હતું. એરલાઈનના આર્થિક સંકટના સમાધાન માટે તે સરકારને આ બાબતે દખલગીરી કરવાની માંગ કરી રહ્યા છે. કર્મચારીઓને ૪-૫ મહિનાથી પગાર ન મળતા તેઓ આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે.

### ચંદ્રબાબુ નાયડુ-રાહુલ ગાંધીની સૂચક મુલાકાત

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને ટીડીપી પ્રમુખ ચંદ્રબાબુ નાયડુએ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત યોજી હતી. આ બંને નેતાઓ વચ્ચે ઈવીએમ અને અન્ય કેટલીક બાબતો અંગે વાતચીત થઈ.

### આશિયા બીબીએ પાકિસ્તાન છોડ્યું

પાકિસ્તાનમાં ઈશનિંદાના આરોપ હેઠળ મોતની સજા પામેલી ઈસાઈ મહિલા આશિયા બીબીએ પાકિસ્તાન છોડી દીધું છે. તેઓ કેનેડા પહોંચી ગયા છે. આશિયા બીબીએ આઠ વર્ષ જેલમાં કાઢયા હતા ગત ઓકટોબરમાં પાકિસ્તાન સુપ્રિમ કોર્ટે તેમને છોડી મુકયા હતા.

### તેજ બહાદુર મામલે ચૂંટણી પંચે જવાબ આપવો પડશે

બીએસએફના સસ્પેન્ડેડ જવાન તેજ બહાદુર યાદવનું નામાંકન રદ કરવા મામલે સુપ્રિમ કોર્ટે ચુંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો છે. તેઓએ વારાણસીમાં મોદી વિરુધ્ધ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્રક ભર્યું હતું.

# મહામિલાવટના નેતાની મનમાની રોકી રહ્યા છે જેથી જ મને ગાળ પડે છે : મોદી

**હરિયાણામાં નરેન્દ્ર મોદી દ્વારા ઝંઝાવતી ચુંટણી પ્રચાર : સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક, મસૂદ અઝહર, વન રેન્ક વન પેન્શન સહિતના મુદા ઉપર રજુઆત : વિપક્ષે રાવણ, હિટલર જેવા નામે સંબોધન કર્યું : મોદી**



કુરૂક્ષેત્ર, તા. ૮

મહાભારતની ધરતી કુરૂક્ષેત્રમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના દુર્યોધનવાળા નિવેદનને લઈને આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી અને તેમના નેતા પ્રેમનાં નકાબ પહેરીને તેમને ગાળો આપતા રહે છે. આ નેતાઓ તેમને રાવણ, સાપ, બિચ્છુ, ઝેર ફેલાવનાર વ્યક્તિ, મોતના સોદાગર, હિટલર, મુસોલીની જેવા શબ્દોનો ઉપયોગ કરીને સંબોધ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ નેતાઓ તેમની માતાને ગાળો આપીને પિતા કોણ છે તેવા પ્રશ્ન પણ કરે છે. આ તમામ ગાળો પીએમ બની ગયા બાદ તેમને આપવામાં આવી હતી. તેમના ઉપર સતત આક્ષેપબાજી કરવામાં આવી રહી છે. કુરૂક્ષેત્રમાં ચુંટણી સભાને સંબોધતા તેમણે કહ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર

## ત્રિપુરામાં ૧૬૮ મતદાન મથકો પર ૧૨મીએ પુન: મતદાન યોજાશે

ન્યુ દિલ્હી,તા.૮

ત્રિપુરા પશ્ચિમ લોકસભાની સીટમાં ૧૬૮ મતદાન મથક પર ફરીથી ચૂંટણી યોજવામાં આવશે. ૧૧ એપ્રિલે મતદાન દરમિયાન કેટલાક પક્ષોએ હિંસા અને દોષારોપણનો આરોપ મૂક્યો હતો. ચૂંટણી પંચે ત્રિપુરાના મુખ્ય ચૂંટણી અધિકારી અને તેના સુપરવાઈઝરના અહેવાલના આધારે નિર્ણય લીધો છે. પંચે પત્ર લખીને ત્રિપુરાના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર પાઠવીને ૧૬૮ મતદાન બૂથ પર મતદાન રદ કરવા અને ૧૨મીએ મતદાન યોજવામાં નિર્ણય લેવાયો છે.

## રાહુલે ચોકીદાર ચોર નિવેદન પર અંતે બિનશરતી માફી માંગી

**સુપ્રિમ કોર્ટમાં ત્રીજી એફિડેવિટ દાખલ કરીને માફી માંગી : મામલાને બંધ કરવાની પણ રજુઆત**

નવી દિલ્હી,તા. ૮

દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર રાફેલ મામલામાં સુપ્રીમ કોર્ટના હવાલાથી પોતાના ચોકીદાર ચોર હેના નિવેદનને લઈને દાખલ કરવામાં આવેલી તિરસ્કાર અરજીને લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ભારે મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે તેમના વર્તનને લઈને લાલ આંખ કર્યા બાદ હવે રાહુલ ગાંધીએ આજે આખરે બિનશરતી માફી માંગી લીધી હતી. સમગ્ર મામલામાં સુનાવણી શુક્રવારના દિવસે કરવામાં આવનાર છે. મામલાની સુનાવણી કરવામાં આવે તે પહેલા સુપ્રીમ કોર્ટમાં ત્રણ પાનામાં નવી એફિડેવિટ દાખલ કરીને રાહુલ ગાંધીએ બિન શરતી માફી માંગી લીધી હતી. રાહુલે કહ્યુ હતુ કે તેઓએ અજાણતા કોર્ટના હવાલાથી ચોકીદાર ચોર હે નિવેદન કરી દીધુ હતુ. તેમનો ઈરાદો આ ન હતો.

## છત્તિસગઢમાં બે નક્સલી ઠાર : હથિયારનો જથ્થો જપ્ત

**નક્સલવાદીગ્રસ્ત દાંતેવાડામાં ઓપરેશન જારી નક્સલવાદ વિરોધી ઓપરેશનમાં મહિલા કમાન્ડો ટીમની મહિલા પણ સામેલ થઇ : ઓપરેશન વધુ તીવ્ર કરાશે**

નવી દિલ્હી,તા. ૮

છત્તિસગઢના દાંતેવાડામાં ડીઆરજી અને એસટીએફની સંયુક્ત ટીમે મોટુ ઓપરેસન પાર પાડ્યુ છે. આ ઓપરેશનમાં બે નક્સલી ઠાર થઈ ગયા છે. તેમની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ઠાર થયેલા નક્સલવાદીઓ છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં સક્રિય થયેલા હતા. આ નક્સલવાદ વિરોધી ઓપરેશનની ખાસ બાબત એ રહી હતી કે આ ઓપરેશનમાં મહિલા કમાન્ડો પણ સામેલ થઈ હતી. મહિલા કમાન્ડો ટીમે જોરદાર સાહસનો પરિચય આપ્યો હતો. આ મહિલા કમાન્ડો ટીમને દંતેશ્વરી યુદ્ધ ટીમ નામ આપવામાં આવ્યુ છે. જે રાજ્યની પ્રથમ મહિલા ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાપ્ડની ટીમ છે. દાંતેવાડાના અપનપુર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં આજે વહેલી સવારે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સવારે પાંચ વાગ્યાની આસપાસ નક્સલવાદીઓ અને ડીઆરજી તેમજ એસટીએફની સંયુક્ત ટીમે ઓપરેશન હાથ ધર્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

GIVE YOUR CAREER A FLYING START
NATIONAL INSTITUTE OF DIPLOMA (AFFILIATED TO GUJARAT UNIVERSITY)
CAREER IN 120 MIN
FREE SEMINAR ON TRAVEL & TOURISM
IATA Authorized Training Center
Be an IATA Professional & work globally.
100% Job Guarantee
12th MAY 2019
J B Auditorium, AMA, IIM Road, Ahmedabad.
SEMINAR - 1 10:00 AM to 12:00 PM (followed by lunch)
SEMINAR - 2 02:00 PM to 04:00 PM (followed by snacks)
Book Your Seat !
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD.
FOR REGISTRATION CALL +91 955 84 955 84 | www.rk-traininngs.com
ATTEND THE SEMINAR AND COLLECT YOUR COMPLIMENTARY GIFT

પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા
નિલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
www.kailash-yatra.com
99251 25853
98981 14646

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

THE LANDMARK
@ KUDASAN
शिवालय
हरि GROUP



Rera No. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/CAA04229/031218
www.gujrera.gujarat.gov.in
OFFICES | RETAIL
The Property Shop
+91 70412 45341, 76000 99959
@ Landmark Cross Roads, Besides Nagraj Farm,
Opp. Kansar Restaurant, Kudasan, Gandhinagar